જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૮/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૬૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૬	૦	૧૧૬૩૬	૧૭૭૪૭	૦	૧૭૭૪૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૭૬૧૭	૮૮	૬૭૭૦૫	૬૮૩૯૭	૯૫	૬૮૪૯૨
કુલ		૮૪૦૯૨	૮૮	૮૪૧૮૦	૯૨૭૮૬	૯૫	૯૨૮૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬	૨,૭૭,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૮૦	૯,૮૦,૦૦૦/-

શી ટીમની કામગીરી

ખાડીયા પોલીસ સ્ટેશન

પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મહે.સંયુક્ત પો.કમિ.શ્રી સેકટર-૧ રાજેશ અસારી સાહેબ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી 'ઈ' ડીવીઝન ડો.સાગર સાંબડા સાહેબનાઓએ અમદાવાદ શહેરમા "નિર્ભયા ફંડ – safe city project for safety of women હેઠળ મહિલાની સુરક્ષા ને પ્રાધાન્ય આપવા સારૂ તેમજ મહિલાઓ જાહેર સ્થળો ઉપર સુરક્ષા અનુભવે તેમજ છેડતી, જાતિય સતામણી જેવા ગુના અટકાવવા મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અમદાવાદ શહેર ખાતે " POLICE "SHE" TEAM " કાર્યરત કરવામાં આવેલ જે અનુસંધાને મહિલા છેડતીના બનાવો અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોઈ જે અનુસંધાને ખાડીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.ડી.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા- ૧૧/૦૮/૨૦૨૧ ના રોજ અત્રેના ખાડીયા પોલીસ સ્ટેશનના ઈન્વે. સ્કોડના ઈન્ચાર્જશ્રી અ.હે.કો. નવીનચંદ્ર હરજીભાઈ બ.નં.- ૮૦૦૨ તથા પો.કો. જયપાલસિંહ રઘુવિરસિંહ બ.નં.- ૧૧૮૩૬ નાઓ પો.સ્ટે. ખાતે ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન બપોરના પોણા બારેક વાગે 'શી' ટીમમાં ફરજ બજાવતાવુ.હે.કો. આયશા અલાઉદીન બ.નં-૩૮૦૮ વુ.પો.કો. જાગૃતિબેન અમૃતલાલ બ.નં.- ૬૬૪૬ તથા વુ.લો.ર. ચાંદનીબેન કાંતિભાઈ બ.નં.- ૧૦૫૧૭ નાઓ એક છોકરીને લઈને આવેલા અને જેઓનું નામઠામ વુ.પો.કો જાગ્રુતીબેન પુછતા જણાવેલ કે રીયા ડો/ઓ રામલાલ જાતે સરોજ ઉ.વ.૧૩ ધંધો.અભ્યાસ રહે.ગામ-કમાઈપુર તા.સોરાવ જી. પ્રયાગરાજ (અલ્હાબાદ) ઉત્તર પ્રદેશ રાજ્યના હોવાનું જણાવેલ અને તેઓના પિતા દારૂ પીઈને અવાર નવાર તેઓની માતાને મારઝુડ અને ઝઘડો કરતા તેઓને મનમાં લાગી આવતા તેઓ ગઈ તા.- ૧૦/૦૮/૨૦૨૧ ના રોજ સવારે આશરે પાંચેક વાગે પોતાના ઘરેથી ચાલતી નીકળી પોતાના ગામથી પાચ કીલોમીટર દૂર આવેલ ઓલાગઢ ગામ ગયેલ અને ત્યાથી રીક્ષામા બેસી પ્રયાગરાજ (અલ્હાબાદ) રેલવે સ્ટેશન ખાતે સવારે આશરે નવેક વાગ્યે પહોચેલ અને ત્યાથી બપોરે આશરે સાડા અગીયારેક વાગ્યે અમદાવાદ આવવા માટે ટ્રેનમા બેસેલ અને આજરોજ તા.- ૧૧/૦૮/૨૦૨૧ ના રોજ સવારે દસ વાગ્યે અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન ખાતે ઉતરેલ અને ત્યાથી ચાલતી ચાલતી રાયપુર દરવાજા આગળ ખાડીયા પોલીસ સ્ટેશન આગળ આવી આશરે સાડા અગીયારેક વાગ્યે બેઠેલ હતી તે વખતે શી ટીમમા ફરજ બજાવતા વુ.પો.કો. જાગૃતિબેન અમૃતલાલ નાઓએ ઉપરોક્ત હકીકત જણાવતા તેઓને ઈન્વે.માં ફરજ બજાવતા મ.સ.ઈ. નવીનચંદ્ર હરજીભાઈનાઓ પાસે લાવેલ અને સદરી બાબતે છોકરીને પૂછપરછ કરી તેઓની પાસેથી તેઓની માતા નામે ગૂડીયાદેવીના મોબાઈલ ફોન નંબર ૭૯૯૧૫૩૬૪૦૭ ઉપર ફોન કરી તેઓની દિકરી ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે આવેલ હોવાનું જણાવેલ જેથી તેઓના માતા ગૂડીયાદેવીનાઓએ અમદાવાદમા રહેતા દિકરીના મામાને ફોન કરેલ અને તેમના મામાએ તેઓની દિકરી માધુરી પ્યારેલાલ સરોજ રહે.- ૩૧૮-૧૨ બંગ્લોઝ ચાલ અમરાઈવાડી અમદાવાદ શહેરનાઓને જાણ કરેલ જેથી તેઓ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે આવી જતા તેઓ આ રીયા ડો/ઓ રામલાલ જાતે સરોજ નાઓને ઓળખી બતાવતાં તેમજ માધુરીબેન આ રીયા ડો/ઓ રામલાલ જાતે સરોજ ની સારસંભાળ માટે જવાબદારી લેતાં ખાડીયા પો.સ્ટે. ખાતે સ્ટે.ડા. નોંધ નંબર- ૧૫/૨૦૨૧ તા.- ૧૧/૦૮/૨૦૨૧ થી નોંધ કરાવી રીયાનો કબ્જો તેઓની મામાની દિકરી માધુરીનાઓને તેઓના ઘરે લઈ જવા સોંપી સારી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૧૧/૦૮/૨૦૨૧

સારી કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:

અ.હેડ કોન્સ. નવીનચંદ્ર હરજીભાઈ બ.નં.- ૮૦૦૨ પો.કો. જયપાલસિંહ રઘુવીરસિંહ બ.નં.- ૧૧૮૩૬ વુ.હે.કો આયશા અલાઉદીન બ.ન.-૩૮૦૮, અ.વુ.લો.૨. જાગૃતિબેન અમૃતલાલ બ.નં.- ૬૬૪૬ તથા અ.વુ.લો.૨. ચાંદનીબેન કાંતિભાઈ બ.નં.- ૧૦૫૧૭





વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન

બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મો.સા.ની ચોરી કરનાર ઇસમને ચોરીના મો.સા. સાથે ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ

મે શ્રી સંજય શ્રીવસ્તવ પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી. અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ તથા શ્રી ડૉ. રવીન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમી.શ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ. પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમી.શ્રી "એ" ડિવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી વાય.આર.વાઘેલા સાહેબ નાઓના સુપરવીઝન હેઠળ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ. આર.એમ.માલકિયા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અનાર્મ લોકરક્ષક ગંગારામ રૂપશીભાઇ બ.નં-૧૨૦૨૧ તથા અ.પો.કોન્સ સંજયભાઇ નાનુભાઇ બ.નં ૬૧૧૮ નાઓને મળેલ બાતમી હકીકત આધારે વાહનચોરીનો ગુનો આચરેલ ઇસમ ને ચોરીના મો.સા સાથે પકડી પાડી કુલ-૦૧ ગુનાનો ભેદ ઉકેલી પ્રસંનીય કામગીરી કરેલ છે.તા-૧૧/૦૮/૨૦૨૧

આરોપી નુ નામ સરનામુ- રાજુરામ દેવીલાલજી ખટીક ઉ.વ ૨૯, ધંધોઃ-નોકરી રહેવાસી-મ.નં ૧૦૬ ગોપાલભાઇ ની ચાલી, શક્તિનગર સૈજપુર, પીરાણા રોડ અમદાવાદ શહેર મુળ વતન ગામ-પીપલાદ તા-પરબતસર થાના પરબતસર જીલ્લો-નાગૌર (રાજસ્થાન)

(૧) મો.સા.૦૧ કિ.રૂ-૨૫૦૦૦/-

ડીટેકટ થયેલ ગુનોઃ-

બોપલ પો.સ્ટે. એ-ગુ.ર.નં-૧૧૧૯૨૦૧૧૨૧૦૩૫૬/૨૦૨૧ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

કામગીરીકરનાર કર્મચારી/અધિકારી

આર.એમ.માલકિયા પો.સબ.ઇન્સ તથા સ્ટાફના એ.એસ.આઇ કમલેશભાઇ કાળાભાઇ બ.નં ૮૬૧૩ તથા અનાર્મ હેડ.કોન્સ. અમીતકુમાર ગણેશભાઇ બ.નં-૪૫૯૬ તથા અનાર્મ લોકરક્ષક ગંગારામ રૂપશીભાઇ બ.નં-૧૨૦૨૧ તથા અ.પો.કોન્સ સંજયભાઇ નાનુભાઇ બ.નં ૬૧૧૮ તથા અ.પો.કોન્સ વિનુભાઇ મોતીભાઇ બ.નં ૧૦૨૦૬



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

ગણાનાપાત્ર કેસ કરી ગંજીફા પાનાનો જુગાર રમતા ૪ ઇસમોને પકડી પાડતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી પ્રોહી/જુગારની પ્રવુતી નેસ્તો નાબુદ કરવા ડ્રાઇવનુ આયોજન કરવામાં આવેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ પ્રોહી/જુગારના ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ અનિરૂધ્ધસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૦૨ તથા અ.પો.કોન્સ. યુવરાજસિંહ હન્દ્રપસિંહ બ.નં.૬૪૨૮ તથા અ.પો.કોન્સ સુરેન્દ્રસિંહ અમ્રુતસિંહ બ.ન.૬૬૨૫ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે જમાલપુર માસ્ટર બિલ્ડીંગ હેબતખાનની મસ્જીદ પાસે ઇમરાન ઉર્ફે ફેફડો સ/ઓ ઇકબાલહુસેન શેખના રહેણાક મકાનમાં રેઇડ કરી ઇસમ નામે નં- ઇમરાન ઉર્ફે ફેફડો સ/ઓ ઇકબાલહુસેન શેખ ઉ.વ.૨૯ ધંધો.રી.ડ્રા રહે. મ.નં.૧૭૧૦ માસ્ટર બિલ્ડીંગ હેબતખાનની મસ્જીદ પાસે જમાલપુર અમદાવાદ શહેર+૦૩=૦૪ નાઓ સાથે મળી પોતાના અંઅગત ફાયદા સારૂ હારજીતનો ગંજીફા પાનાનો જુગાર રમી અંગજડતી તથા દાવ ઉપર નાણા મળી કુલ્લે રોકડ નાણા રૂ.૬૯૫૦૦/-તથા ઇસમોના તથા નીચેથી મળી આવેલ ગંજી પાના નં-૫૨ કિ.રૂ.૦૦/- તથા મોબાઇલ નંગ-૦૪ કિ.રૂ.૬૫૦૦/- તથા લાઇટ બિલ કિ.રૂ.૦૦/- તથા એક એક્ટીવા જેની આશરે કિ.રૂ.૨૫૦૦૦/- ની મતાની મળી જે કુલ્લે મુદામાલ રૂ.૧,૦૧,૦૦૦/- ની મતા મુદામાલ સાથે મળી આવતા તેઓના વિરૂધ્ધ ધી જુગારધારા કલમ-૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.તા-૧૧/૦૮/૨૦૨૧



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ હાલમાં ચાલી રહેલ શ્રાવણ માસના પવિત્ર તહેવારોને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના તથા બીજા સ્ટાફના માણસો તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં ક.૧૪/૪૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૫/૦૦ વાગે સૈજપુર ટાવર પાસે આવતા સાથેના અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકીકત મળેલ કે " સૈજપુર ટાવર ની અંદર ગરાસીયાવાસમાં રહેતા અશોકસિંહ પોપટજી વાઘેલા નાઓ પોતાના રહેણાંક મકાન ની અંદર કેટલાક ઇસમોને ભેગા કરી પોત-પોતાના આર્થિક ફાયદા સારૂ પૈસા પાના કોઇન થી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગારનો અડ્ડો ચલાવી જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે. " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા ગરાસીયાવાસ ખાતે સદરીના મકાન ની અંદર રેઇડ કરી જુગાર રમતા આંઠ આરોપીઓને જુગાર રમવાના સાધનો અંગઝડતી નાંણા રૂ.૧૫,૦૫૦/-તથા નાળના નાણા રૂ.૧,૦૦૦/-તથા દાવમાંથી મળી આવેલ ૧૦૦ ની છાપ વાળા કોઇન નં-૦૮ કિ.રૂ.૦૦/૦૦ તથા અંગજડતીમાંથી મળી આવેલ કોઇન નંગ-૧૭૬ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૦૭ કિંમત રૂ.૨૬,૨૦૦/- તથા એક એકટીવા કિ.રૂ.૪૦,૦૦૦/-તથા ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/૦૦ તથા કેટ નંગ-૧૧ કિ.રૂ.૦૦/૦૦ તથા ગાદલા નંગ-૦૨ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૮૨,૨૫૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે ક.૧૬/૫૦ વાગે જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડી પાડી જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૨/૦૮/૨૦૨૧

આરોપીઓના નામ

(૧)અશોકસિંહ સ/ઓ પોપટજી જાતે વાઘેલા ઉ.વ.૪૪ રહે,ગરાસીયાવાસ સૈજપુર ટાવર ની પાછળ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર+ ૭ = ૮

મુદ્દામાલ :-

જુગાર રમવાના સાધનો અંગઝડતીમાંથી મળેલા કુલ્લે નાંણા રૂ.૧૫,૦૫૦/-તથા નાળના નાણા રૂ.૧,૦૦૦/- તથા દાવમાંથી મળી આવેલ કોઇન નં-૦૮ કિ.રૂ.૦૦/૦૦ તથા અંગજડતીમાંથી મળી આવેલ કોઇન નંગ-૧૭૬ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૭ કિંમત રૂ.૨૬,૨૦૦/- તથા એક એકટીવા કિ.રૂ.૪૦,૦૦૦/-તથા ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/ ૦૦ તથા કેટ નંગ-૧૧ કિ.રૂ.૦૦/૦૦ તથા સગાદલા નંગ-૦૨ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૮૨,૨૫૦/-ની મત્તાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સતીષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા બીજા સ્ટાફના માણસો



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ હાલમાં ચાલી રહેલ શ્રાવણ માસના પવિત્ર તહેવારોને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના તથા બીજા સ્ટાફના માણસો તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં ક.૧૪/૪૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૭/૧૦ વાગે કૃષ્ણનગર ચાર રસ્તા ખાતે આવતા સાથેના અ.પો.કોન્સ સતીષકુમાર જયંતીભાઇ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકીકત મળેલ કે " **કૃષ્ણનગર વિધ્યા વિહાર મેદાન પાસે બ્લોક નં-૮૪ મ.નં૧૩૫૯ ગુ.હા.બોર્ડ ના મકાન માં રહેતા હિતેશ પરશુરામ ખત્રી નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલીક સ્ત્રીઓ તથા પૂરૂષોને બોલાવી પૈસા પાના થી નાણા ની હાર જીતનો જુગાર રમે રમાડે છે.અને હાલમાં જુગારનો અખાડો ચાલુ છે.** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા કૃષ્ણનગર વિધ્યા વિહાર મેદાન પાસે બ્લોક નં-૮૪ મ.નં-૧૩૫૯,ગુ.હા.બોર્ડ ના રહેણાંક મકાન માં રેઇડ કરી જુગાર રમતા નવ મહિલા-પૂરૂષો(આરોપીઓ)ને જુગાર રમવાના સાધનો અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૧૯,૨૦૦/- તથા દાવના નાંણા રૂ.૯૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૭ કિ.રૂ.૩૯,૦૦૦/-મળી કુલ્લે રૂ,૬૦,૧૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે ક.૧૯/૦૫ વાગે જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડી પાડી જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૨/૦૮/૨૦૨૧

આરોપીઓના નામ

(૧) હિતેશ સ/ઓ પરશુરામ જાતે ખત્રી ઉ.વ.૩૪ રહે-બ્લોક નં-૮૪ મકાન નં-૧૩૫૯,ગુજરાત હાઉસિંગ બોર્ડ કૃષ્ણનગર વિધ્યા વિહાર મેદાન પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર+૮=૯

મુદ્દામાલ :- અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૯,૨૦૦/-તથા દાવના નાંણા રૂ.૯૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૭ કિ.રૂ.૩૯,૦૦૦/-મળી કુલ્લે રૂ,૬૦,૧૦૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કો.ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કો.સતીષકુમાર જયંતિભાઇ બ.ન.૭૦૭૮ તથા અ.પો.કો.લાલાભાઇ દેવાભાઇ બ.ન.૭૫૫૫ તથા અ.પો.કો.હિતેષકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા વુ.એલ.આર.ડી.પીનલબેન જગદિશભાઇ બ.ન.૧૨૮૮૮ તથા બીજા સ્ટાફના માણસો



નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

છેલ્લા પાંચેક મહિનાથી ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ અવારનવાર સુચનાઓ કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.મહેશકુમાર બાબુલાલ નાઓને બાતમી હકીકત મળેલ કે " નારોલ પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૪૪૪/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૮૧ મુજબના ગુનાનો વોન્ટેડ આરોપી બાદલસિંહ શીવમંગલસિંહ સિંગનો હાલમાં રંગોલીનગર બ્રિજ પાસે કોઈ વાહનની રાહ જોઈને ઉભેલ છે. જેણે શરીરે સફેદ કલરનુ શર્ટ તથા ગ્રે કલરનુ પેન્ટ પહેરેલ છે." જે બાતમી હકીકત આધારે પંચો સાથે સદરી જગ્યાએ જઈ તપાસ કરતાં વોન્ટેડ આરોપી બાદલસિંહ શીવમંગલસિંહ જાતે સિંગ ઉ.વ.૨૨ ધંધો.નોકરી રહે.મ.નં.એચ/૭૦૬, શાંતિશુક્ર ફલેટ હાઈફાઈ ચાર રસ્તા પાસે રંગોલીનગર નારોલ અમદાવાદ શહેર મુળ વતન.ગામ.દેવકીપુર્વા તા.બનીપારા મહારાજ જી.કાનપુર દેહાંત ઉત્તરપ્રદેશ રાજયનો મળી આવતાં તેની ગુના સબંધે પુછપરછ કરતાં આજથી પાંચેક માસ અગાઉ નારોલ મટનગલી રામદેવ એસ્ટેટ ગોડાઉન નં.૩૬ નામદેવ હેન્ડીક્રાફટની ઓફિસમાંથી રોકડા રૂ.૨,૫૦,૦૦૦/- ની ચોરી કરેલાની કબુલાત કરેલ હોય જેથી તેને પોલીસ સ્ટેશન ખાતે લાવી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૪૪૪/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૮૧ મુજબના ગુનામાં આજરોજ તા.૧૧/૦૮/૨૦૨૧ ના કલાક ૧૬/૪૫ વાગે પકડી અટક કરી નારોલ પોલીસ સ્ટેશનનો નોકર ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૧૧/૦૮/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૯ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૪૩,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૬૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૬૫/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ વિષ્ણુકુમાર રાજેન્દ્રકુમાર શર્મા (ઉ.વ.૬૫) (રહે.પદ્મ પ્રભુનગર આઇ.ઓ.સી.રોડ સાબરમતી) એ તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૮૪૪૭૩૧૬૯૨૩, ૭૮૩૪૯૧૬૨૦૫, ૮૫૨૭૮૫૨૨૦૧, ૮૧૩૦૭૭૨૫૦૯, ૯૮૯૧૬૬૪૭૩૩, ૮૭૪૫૯૯૮૧૧૭, ૭૮૩૮૫૪૫૯૩૪, ૯૬૫૪૨૮૦૪૯૧, ૯૬૫૪૩૧૪૭૬૨, ૯૬૫૪૧૩૫૮૦૧, ૯૮૧૦૪૭૮૨૧૯ ૯૫૪૦૦૭૦૨૬૩, ૯૮૧૦૪૭૮૨૧૯, ૭૨૮૯૦૬૪૨૦૬, ૯૬૫૪૮૯૪૦૨૯, ૮૫૧૦૯૩૪૬૨૩ ૮૭૪૩૮૨૮૧૭૪, ૯૯૯૦૮૧૫૩૪૧, ૯૯૯૦૩૭૨૬૧૪, ૮૮૨૬૮૫૮૬૮૫, ૯૯૯૦૪૫૧૩૪૬ તેમજ ૯૬૪૩૦૨૮૧૪૮ ના ધારકોએ વિષ્ણુકુમાર શર્માને ફોન કરી ઈન્શોરેન્સ કંપનીના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી ઇન્શોરન્સ પોલીસીના સેટલમેંટમાં વધુ વળતર મળશે તેમ કહી આર.બી.આઇ.ના નામના, એન.પી.સી.આઇ.ના નામના, ભારતીય વિમા વિનીયામકની કચેરીના નામના, વિદેશ વ્યાપર મહાનિદેશકની કચેરીના નામના જુદા-જુદા પ્રમાણપત્રો, રીસીપ્ટો અને સર્ટીફીકેટ ઓળખપત્રો તથા જુદા જુદા અધિકારીઓની ખોટી સહી તથા કચેરીઓના ખોટા સિક્કા સાથેના ખોટા પત્રો વોટ્સએપ તેમજ ઇમેલથી મોકલી જુદા-જુદા બેંક એકાઉન્ટમાં કુલ રૂપિયા ૨૯,૧૫,૧૯૧/- ભરાવડાવી ભરેલ નાણાનુ વળતર નહી આપી કે કોઇ પોલીસીનુ કોઇ સેટલમેંટ નહી કરી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

આનંદનગરઃ વ્રજેશભાઇ શૈલેષભાઇ ગાંધી (રહે. મેનોર ઇમ્પીરીયા જોધપુર સેટેલાઇટ) એ તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રિલ-૨૦૧૯ થી ઓગષ્ટ-૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન પ્રહલાદનગર ગાર્ડન પાસે પાર્શ્વનાથ બિઝનેશપાર્ક ખાતે બાલકૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ, સત્વરાજ તથા બજરંગ એન્ટરપ્રાઇઝમાં કંપનીના પ્રતિનીધી વ્રજેશભાઈ ગાંધીની કંપનીના પ્રતિનીધી કૌશીકભાઇ રમેશચંદ્ર માંડવીયા (રહે. રઇયા સ્કવેર રોડ રાજકોટ) એ કંપનીમાં ૧૩,૩૫,૯૮૩/- ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

રાણીપઃ હિરેન મુકેશભાઇ પંચાલ (રહે. મુરલીધર એવન્યુ જી.એસ.ટી.ક્રોસીંગ પાસે રાણીપ) એ તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હિરેન પંચાલના પિતાએ ફેસબુક પર ઓએલએક્સ નામની એપલીકેશનમાં વેચાણ મુકેલ એક્ટીવા પસંદ આવતા ખરીદી કરવાની હોઇ જેમાં આપેલ મોબાઇલ નંબર પર સંપર્ક કરતા મોબાઇલ ધારકે પોતાની ઓળખ આર્મિમેન બરોડાથી ચેતનભાઈ વાત કરતા હોવાનુ જણાવ્યુ હતુ તેમજ એકટીવા કિમત રૂપિયા ૨૬,૦૦૦/- માં વેચાણ આપવાની વાત કરી હતી. જેથી હિરેન પંચાલના પિતા પાસે અલગ-અલગ ચાર્જ પેટે તેમજ એકટીવાની અડધી કિમત તેમજ ડીલીવરી બોય તરીકેની ઓળખ આપી મોબાઇલ નંબર ૭૭૫૦૮૮૯૯૨૬ ના ધારકે ગેટપાસ પેટે મળી રૂપિયા ૧,૧૨,૬૯૪/- ભરાવ્યા હતા. ત્યારબાદ પૈસા ટ્રાન્સફર નહી થયા હોવાનુ જણાવતા હિરેન પંચાલના પિતાએ પૈસા નહી હોવાનુ જણાવતા તેમના પુત્ર હિરેનને વાત કરતા હિરેન પંચાલના એટીએમનો ફોટો મોકલવાનુ કહેતા એટીએમ કાર્ડનો ફોટો મોકલતા ડીલીવરી બોયની ઓળખ આપનાર વ્યક્તિએ એટીએમ કાર્ડના ફોટોથી અલગ-અલગ ટ્રાન્જેકશન કરી ઓનલાઈન રૂપિયા ૪૨,૮૯૭/- ઉપાડી લઈ કુલ રૂપિયા ૧,૫૫,૫૯૧/- મેળવી લઈ એકટીવા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.ખાંભલા ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૪૬૬/૨૦૨૧</u>**

કાગડાપીઠઃ હર્ષિદાબહેન પ્રકાશભાઇ સોલંકી (રહે. ફકીર મુખીની ચાલી ગૌતમનગર ચાર રસ્તા બહેરામપુરા) એ તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૮/૨૦૨૧ કલાક ૧૨/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાંથી તીજોરીનાં લોકરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૧૨,૨૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૪૬૭/૨૦૨૧</u>**

વસ્ત્રાપુરઃ મધુબહેન મહેશભાઇ પરમાર (ઉ.વ.૬૦) (રહે. આકાશ-૨ આલફાવન મોલ પાછળ સરકારી વસાહત રોડ વસ્ત્રાપુર) તા.૦૮/૦૮/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર નહેરૂપાર્ક વર્ષા એપાર્ટમેન્ટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટિવા ઉપર આવેલ ત્રણ પુરૂષ મધુબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મધુબહેન પરમારે તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપુત ચલાવે છે.

શાહીબાગઃ મંજુલાદેવી કૈલાસચંદજી જૈન (ઉ.વ.૫૧) (રહે. આનંદ લક્ષ્મી સોસાયટી શનિદેવ મંદિર પાછળ શાહીબાગ) તા.૦૫/૦૮/૨૦૨૧ સાજના ૭/૧૫ વાગ્યાના સુમારે રુચીકા ફલેટની સામે આદીનાથ સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટિવા ઉપર આવેલ બે પુરૂષ મંજુલાદેવી જૈનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાદેવી જૈન એ તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી